# મોઢેરા ખાતે દ્વી દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવનું સમાપન

મહેસાણા, તા. ૨૨

પ્રાચીન શાસ્ત્રીય નૃત્ય કલાને જીવંત રાખવાના પ્રયાસ સ્વરૂપે પ્રતિ વર્ષે ઉત્તરાયણ બાદ ઉત્તરાર્ધ મહોત્સવ ઉજવવામાં આવે છે. સુર્યપુજા સાથે સંકળાયેલ આ મહોત્સવમાં બીજા દિવસે ગૃહ રાજ્ય મંત્રી શ્રી રજનીકાન્ત પટેલ, રાજ્યના ગૃહ સચિવશ્રી એસ.કે. નંદા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે.એલ. પટેલ, યુવક સેવા કમિશ્નરશ્રી કે.ડી. કાપડીયાએ કરાવ્યો હતો. બીજા દિવસે આ બન્ને નૃત્ય કલાકારોનું ભુવનેશ્વરથી આવેલ ગુરૂ ગજેન્દ્ર પંડા અને શીતલ રવિન્દ્ર મકવાણાનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું.

મંગલા ચરણથી ગુરૂ ગજેન્દ્રકુમાર પંડાએ ઓડીસી નૃત્ય રજુ કર્યું. ઉત્તરાર્ધ મહોત્સવ ૨૦૧૪ના બીજા દિવસનો પ્રારંભ કરાવ્યો હતો. જ્યારે શીતલ રવિન્દ્ર મકવાણાએ ભરત નાટ્યમ શાસ્ત્રીય નૃત્ય રજુ કરી મહોત્સવનું સમાપન કરાયુંહતું.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલેજણાવ્યુંહતુંકે, ઉત્તરાર્ધ શાસ્ત્રીય મહોત્સવ અનોખી સંસ્કૃતિનો મહોત્સવ છે. મહોત્સવથી સંસ્કારોનું આદાન પ્રદાન અને સંગીત નૃત્ય જેવી કલાઓના ખજાનાથી ભરપુર ઉજવણીમાં પ્રજાની ભાગીદારી જોવા મળે છે. શિલ્પ કલાનું સૌંદર્ય અને નૃત્ય કલાના ઝનકારનો પવિત્ર ત્રિવેણી સમન્વય મોઢેરાના આંગણે મળે છે.

ગૃહ વિભાગના સચિવશ્રી એસ.કે. નંદાએ જણાવ્યું હતું કે ઉત્તરાર્ધ મહોત્સવ દ્વારા સાંસ્કૃતિક પરંપરાને જીવંત રાખવાનો રાજ્ય સરકારનો અદ્‌ભુત પ્રયાસ છે. શિલ્પ, સ્થાપત્ય, સંસ્કૃતિ અને કલાને જીવંત રાખી લોકોને સહભાગી કરવાનો રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ છે. મોઢેરાના સુર્યમંદિરના સાનિધ્યમાં ઉજવાતા મહોત્સવથી સુર્યમંદિરમાં નવો સંચાર જોવા મળે છે.


ઉત્તરાર્ધ મહોત્સવ ૨૦૧૪માં ભુવનેશ્વરથી આવેલ ગુરૂ ગજેન્દ્ર પંડાએ અને તેમના કાલાકારો દ્વારા અદભુત અવિસ્મરણીય ઓડીસી નૃત્ય રજુ કરી મોઢેરા તેમજ દેશ-વિદેશના શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કલાગરૂ ગજેન્દ્ર પંડાએ વિશ્વ પ્રસિદ્ધ મહોત્સવમાં નૃત્ય પ્રદર્શન કરવાનો સમય મળ્યો તે બદલ કૃતજ્ઞતા રજુ કરી હતી.

અમદાવાદના ભરત નાટ્યમ નૃત્યના પ્રસિદ્ધ શાસ્ત્રીય કલાકાર શીતલ રવિન્દ્ર મકવાણાએ ભરત નાટ્યમ નૃત્ય કરી શિલ્પ, સ્થાપત્ય અને સંગીતનો ત્રિવેણી સંગમ રચી શ્રોતાઓને સંગીતમય બનાવી દીધા હતા.

ઉત્તરાર્ધ મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત કલેક્ટરશ્રી રાજકુમાર બેનીવાલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે.એલ. પટેલ યુવક સેવા સચિવશ્રી કે.ડી. કાપડીયા, વેસ્ટ ઝોન કલ્ચર નિયામકશ્રી શૈલેન્દ્ર દસૌરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠક્કર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી જે.આર. મોથલીયા, અધિક કલેક્ટરશ્રી એસ.જે. પટેલ, પ્રાંત અધિકારીશ્રી કડી સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં શ્રોતાગણ ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરમાં પ્રજાસત્તાક પર્વ રાજ્ય મહોત્સવ ઉજવણીની તડામાર તૈયારીઓ


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

૨૫ અને ૨૬મી જાન્યુઆરીએ સાબરકાંઠા જિલ્લામાં -જાસત્તાક પર્વ રાજય મહોત્સવની ઉજવણી થનાર છે. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં મહામહિમ રાજયપાલ ડૉ.કમલા બેનીવાલ રાષ્ટ્રધ્વજ લહેરાવશે. -જાસત્તાક મહોત્સવના બે દિવસીય કાર્યક્રમમાં ૨૫મી જાન્યુઆરીએ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં હિંમતનગર ખાતે યુવા સંમેલન યોજાશે. જેમાં ૨૫,૦૦૦ હજારથી વધુ યુવાનો તથા નાગરિકો જોડાશે અને ૧૬૦ ફૂટ- ૧૫૫ ફૂટનો ભારત માતાનો માનવ નકશો બનાવવામાં આવનાર છે. જેમાં જે તે રાજયના પહેરવેશમાં ૨૫૦૦ જેટલા યુવાનો ભાગ લેશે. જે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે. ત્યારબાદ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ધ્વારા વિકાસના કામોનું ડીજીટલ લોકાર્પણ પણ કરાશે. તા.૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન બાદ પોલીસ બેન્ડ ધ્વારા રાષ્ટ્ર ગાન થશે. ત્યારબાદ હેલિકોપ્ટરથી પુષ્પ પાંદડીઓથી વર્ષા કરાશે. પરેડ માર્ચ પાસ્ટમાં ૨૩ પ્લાટુન ભાગ લેશે. વિવિધ ૩૫ વિભાગો ધ્વારા ટેબ્લો રજુ થશે. -જાસત્તાક પર્વ રાજય મહોત્સવને સફળ બનાવવા જિલ્લા કલેકટર બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ. તેમજ જિલ્લા પોલીસવડા ચિરાગ કોરડીયાની રાહબરી હેઠળ અધિક કલેકટર ધાનાણી, -ંત અધિકારી રિન્કેશ પટેલ, મામલતદાર પર્થિક પટેલ, ટી.ડી.ઓ. -જાપતિ, નાયબ ઈજનેર આચાર્ય, ચીફ ઓફીસર નવનીત પટેલ સહિત વહીવટીતંત્ર ભારે જહેમત ઉઠાવી રહયું છે. -જાસત્તાક પર્વ નિમિત્તે યોજાનાર કાર્યક્રમોનું જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીના સીધા માર્ગદર્શન અને રાહબરી હેઠળ રીહર્સલ થઈ રહયું છે.

### ડીસામાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહીશો ખુશખુશાલ

# રહીશોને રાજીવ આવાસ યોજનામાં ૨૬૩૪ મકાનો ફળવાશે

ડીસા, તા. ૨૨

કેન્દ્ર સરકારની મોટી સહાયથી શ્રમજીવી વિસ્તારોમાં રહેતા ગરીબોને ઘરનું ઘર આપવાની ચાલતી રાજીવ આવાસ યોજના ડીસા નગરપાલિકા વિસ્તારમાં અમલ કરી બે તબક્કામાં ૩૬૩૪ મકાનો ગરીબ અને શ્રમજીવી પરિવારોને ફાળવવાની કરાયેલી જાહેરાતથી શ્રમજીવી પરિવારોમાં ખુશીની લાગણી ફેલાઈ છે.

આ યોજના રાજ્યમાં માત્ર મહાનગરપાલિકા ધરાવતા લાગુ શહેરોમાં કરાઈ હતી જો કે રાજ્યમાં હવે ડીસામાં આ યોજના લાગુ કરાતા ડીસા નગરપાલિકા રાજ્યમાં રાજીવ આવાસ યોજના લાભાક્તિ એવી પ્રથમ નગરપાલિકા બનેલ છે. આ રાજીવ આવાસ યોજના તળે મહાનગરપાલિકા વિસ્તારોમાં શ્રમજીવી પરિવારોને ઘરનું ઘર ફાળવવામાં આવે છે. ડીસાના શ્રમજીવી એવા બોકરી કુવા, ભોપાનગર, ગવાડી, ઈન્દીરાનગર, નહેરૂનગર, રેલવે સ્ટેશન, રીઝમેટ, રાજપુર, શીવનગર, તેરમીનાળા, વાલ્મીકીનગર જેવા વિસ્તારોમાં યોજના તળે આવરી લેવાશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૪૫૬ અને બીજા તબક્કામાં ૨૭૭૮ મકાનો થઈ કુલ ૩૬૩૪ આવાસો શ્રમજીવી પરિવારોને ફાળવાશે. આ યોજનાથી ઝુંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા શ્રમજીવીઓ પોતાનું ઘરનું સ્વપ્ન સાચુ બનાવી શકશે. આ આવાસોમાં એક બેડરૂમ, એક હોલ, તેમજ કીચન સહિતની પાયાની સુવિધાઓ ડીસા નગરપાલિકાની પ્રથમ પસંદગી કરાતા પાલિકાના પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ અને વિપુલભાઈ શાહ તેમજ તેમની ટીમના સભ્યોને આ યોજના ડીસામાં લાગુ કરવાના પ્રયત્નોને ચોમેરથી આવકાર અને શુભેચ્છાઓ મળી રહી છે.


પાટણ એલ.સી.બી. ટીમે સિદ્ધપુર ખળી ચાર રસ્તા ઉપર વાહન ચેકીંગ દરમિયાન વાહનચોરી અને અપહરણ ખંડણીના ગુનામાં સંડોવાયેલા બે ઈસમોને ઝડપી પાડ્યા હતા અને તેમને કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીઓને પોલીસ રીમાન્ડ ઉપર મોકલી આપ્યા હતા. ઉપરાંત પોલીસ આ બન્નેને વધુ પુછપરછ કરતા તેમને અન્ય સાત બાઈકચોરીની કબુલાત કરી હતી.
(તસવીર : ચેતન રામી, પાટણ)


(તસવીર : પ્રાંતિજ)

## પ્રાંતિજની પી. એન્ડ આર. શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજમાં સ્થિત પી.એન્ડ આર. હાઈસ્કૂલમાં પ્રાંતિજ તાલુકા પૂર્વ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાંતિજ તાલુકાના નીકોડીયા, નનાનપુર, કરોલ રામનગર, રાસલોડ, બોટીયા, સીતવાડા, મોયદ બાઈના મુવાડા તેમજ પ્રાંતિજ શહેરની શાળાઓના વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમને કાર્યક્રમના પ્રારંભે વિવિધ શાળાના આચાર્યએ પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓએ લોકનૃત્ય, લોકગીતો, રાષ્ટ્રગીત, આદીવાસી નૃત્ય, બેટી બચાવો નાટક જેવા વિવિધ કાર્યક્રમો રજુ કર્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ઊંઝામાંથી એલ.સી.બી.ની ટીમે ચાર સટ્ટોડીયા ઝડપી પાડ્યા

ઊંઝા, તા. ૨૨

ઊંઝા શહેરમાં સટ્ટાહોલ વિસ્તારમાં મોખાતના માઢમાં આવેલ એક મકાનમાં ક્રિકેટ મેચ આધારિત સટ્ટાધામ પર મહેસાણા એલ.સી.બી. પોલીસ દરોડો પાડી સ્થળ પરથી ચાર ઈસમોને ઝડપી લઈ કુલ ૧૭,૫૦૫ની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઊંઝા શહેરની મધ્યમાં સટ્ટાહોલ વિસ્તારમાં આવેલ મોખાતના માઢમાં મકાન નં. ૩માં કેટલાક ઈસમો પોતાના આર્થિક ફાયદા માટે ક્રિકેટમેચ પર સટ્ટો રમતા રમાડતા હોવાની મળેલી હકિકતના આધારે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સાંજના સમયે અચાનક જ દરોડો પાડ્યો હતો. જેમાં સ્થળ પરથી ચાર સખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે આ સ્થળથી રૂપિયા ૧૦,૧૫૫ની રોકડ રકમ દસ નંગ મોબાઈલ કિંમત રૂ. પાંચ હજાર સહિત રૂ. ૧૭,૫૦૫ની કિંમતની મત્તાનો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# લિંભોઈ ગામે સહકારી લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના લિંભોઈ ગામે કૃષિ ધિરાણ સહકારી મંડળી, દૂધ સહકારી મંડળીનું ગોડાઉન અને આંગણવાડીના મકાનનો લોકાર્પણ કાર્યક્રમ તા. ૨૦-૧-૨૦૧૪ના રોજ સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન ખેમાભાઈ પટેલના પ્રમુખ સ્થાને આદર્શ વિદ્યાલય, લિંભોઈના પટાંગણમાં યોજાયો. કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્ય કૃષિ બેંકના ચેરમેન શ્રી કનુભાઈ મણીભાઈ પટેલના શુભહસ્તે થયું હતું. સ્વાગત પ્રવચન લિંભોઈ કૃષિ સેવા મંડળીના ચેરમેન હસમુખભાઈ ઉપાધ્યાયે કર્યું હતું. પ્રાસંગિક પ્રવચન કરતાં જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અંબાલાલ ઉપાધ્યાયે અરવલ્લી જિલ્લો નવીન રચાયો છે ત્યારે જિલ્લા કક્ષાની સહકારી સંસ્થાઓનું નિર્માણ સૌએ સાથે મળી કરવા અનુરોધ કર્યો હતો. સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલે જિલ્લાની સહકારી દૂધ પ્રવૃત્તિઓ અંગે છણાવટ કરતાં કહ્યું હતું કે જિલ્લાના તમામ પરિવારો દૂધની પ્રવૃત્તિમાં જોડાય અને આર્થિક ક્ષેત્રે સ્વાવલંબી બને તેમ કહ્યું હતું. મુખ્ય મહેમાનપદેથી ગુજરાત સહકાર કર્મચારી ક્રેડીટ મંડળીના વા. ચેરમેન મહેશભાઈ પટેલે સા.કાં. જિલ્લામાં વિવિધ સ્તરે વિકસેલી સહકારી પ્રવૃત્તિ અંગે ગૌરવ વ્યક્ત કરતાં તેને આગળ ધપાવવા અનુરોધ કર્યો હતો. દિપપ્રાગટ્યના ઉદ્‌ઘાટન કનુભાઈ પટેલે જેઓએ જિલ્લાની સહકારી મંડળીઓનો પાયો નાખ્યો તેવા મહાનુભાવો ગોપાલભાઈ પટેલ, શંકરભાઈ પટેલ, શાંતુભાઈ પટેલ, અંબુભાઈ પટેલ, કપીલ કોટડીયા, નાનુભાઈ ઉપાધ્યાય વિગેરેને યાદ કર્યા હતા. તાલુકાની સરકારી સંસ્થાઓના અગ્રણીઓ તાલુકા સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલ, સહકારી જીનના ચેરમેન રમણભાઈ પટેલ, કૃષિ બેંક મોડાસા શાખાના ચેરમેન પૂનમભાઈ પટેલ, મોડાસા ખેતીવાડી બેંકના ચેરમેન ચંદુભાઈ પટેલ વિગેરે હાજર રહ્યા હતા. સા.કાં. સહકારી બેંકના ડીરેક્ટર પંકજભાઈ પટેલ, સાબરડેરીના વા. ચેરમેન જયંતિભાઈ પટેલ, તાલુકાના સહકારી આગેવાનો હાજર રહ્યા હતા.



દૂધ મંડળીના ગોડાઉન અને અમુલ પાર્લરનું ઉદ્‌ઘાટન સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સેવા સહકારી મંડળીના ગોડાઉનનું ઉદ્‌ઘાટન સા.કાં. જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન ખેમાભાઈ પટેલ તેમજ આંગણવાડીના મકાનનું લોકાર્પણ ગુ.કૃષિ બેંકના ચેરમેન કનુભાઈ પટેલે કર્યું હતું.

લિંભોઈ ગામે બાલ ક્રિડાંગણ અને ઉદ્યાન માટે ઈફકોના મેનેજરશ્રીએ રૂ. ૨ લાખનો ચેક લિંભોઈ ગ્રામ પંચાયતના સરપંચશ્રી શીતલબેનને અર્પણ કર્યો હતો. આભાર પ્રવચન દૂધ મંડળીના ચેરમેન નીકુંજભાઈ પટેલે કર્યું હતું. જનમનગણ રાષ્ટ્રગીત ગવાઈ સૌએ વિદાય લીધી હતી.




# પાટણમાં ચાર મકાનો જર્જરીત જણાતા નગરપાલિકા તંત્ર દોડતુ થયું

શહેરના ભદ્ર વિસ્તારમાં આવેલ ભૂતનાથના અખાડા પાસે પાણીની પાઈપલાઈન તુટી જતાં ચાર જેટલા મકાનો જર્જરીત થઈ જવા પામ્યા હતા. આખરે નગરપાલિકાને જાણ કરતા અને નગરપાલિકાના કર્મીઓ દોડી આવી રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું હતું. પાટણ શહેરમાં છેલ્લા કેટલાક મહિનાથી છાશવારે પાણી તેમજ ભૂગર્ભ ગટરની પાઈપલાઈનો તુટી જવાની અને લીકેજ થવાના બનાવો બનવા પામી રહ્યા છે ત્યારે આવો જ વધુ એક બનાવ શહેરના ભદ્ર વિસ્તારમાં આવેલ ભૂતનાથના અખાડા પાસે બનવા પામેલ હતો. જેમાં આ વિસ્તારમાંથી પસાર થતી પાણીની મુખ્ય પાઈપલાઈન કોઈ કારણોસર તુટી જતાં અને તેનું પાણી ભુગર્ભમાં પ્રસરી જતાં અહીંના ચાર જેટલા મકાનોને ભારે નુકશાન સહન કરવાનો વારો આવ્યો હતો. આ વિસ્તારમાં રહેતા પટેલ અમથાભાઈ ભીખાભાઈ, પટેલ હીરાભાઈ ભીખાભાઈ અને દિનેશભાઈ નટુગીરી ગૌસ્વામીના મકાનોમાં પાણીની પાઈપલાઈન તુટી જતાં અને મકાનમાં તીરાડો પડી જવા પામી હતી જેથી તેઓ દ્વારા નગરપાલિકામાં જાણ કરવામાં આવતાં નગરપાલિકાના કર્મીઓ દોડી આવ્યા હતા. ત્યારબાદ તપાસ હાથ ધરી મરામતની કામગીરી હાથ ધરી હતી.

# વ્યાપાર સેલના ઝોન કન્વીનર નિમાયા



પ્રદેશ ભાજપ દ્વારા તાજેતરમાં લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી વિવિધ સેલના ઝોન કન્વીનરની નિમણુંક કરવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાત પ્રદેશ સેલના સંયોજક ડૉ. અનિલભાઈ પટેલ દ્વારા તાજેતરમાં વ્યાપાર સેલના ઉત્તર ઝોનના કન્વીનર તરીકે સાબરકાંઠાના ઉદ્યોગપતિ દક્ષેશભાઈ રાવલની નિમણુંક કરવામાં આવી છે.

# હિંમતનગરમાંથી યુવતીનું અપહરણ નિષ્ફળ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાંથી સોમવારે સાંજે એક યુવતીને કારમાં ખેંચી લઈ જવાનો નિષ્ફળ પ્રયાસ થતા હિંમતનગર ટાઉન પોલીસ મથકે યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર ચાલક અને અન્ય એક મળી બે વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર શહેરના મહાવીર નગર વિસ્તારમાં સાબારકાંઠા બેંક સોસાયટીમાં રહેતી એક યુવતી જે એલ.આઈ.સી. એજન્ટનું કામ કરે છે. તે યુવતી સોમવારે સાંજે ૭.૩૦ કલાકના સુમારે પોતાના ઘર તરફ જઈ રહી હતી ત્યારે વેગનઆર કાર નં. જીજે-૧.એચ.સી.૧૮૦૯ પાછળથી આવીને ચાલતી જતી યુવતીને પાછળનો દરવાજો ખોલી એક ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરના યુવકે યુવતીને ખેંચી લઈને પગ વચ્ચે દબાવી દીધી હતી અને ચપ્પુ બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. દરમિયાન કાર સરકારી જીનથી કાંકરોળ તરફ સર્વિસ રોડ પર જઈ રહેલ દરમિયાન સર્વોદય હોટલ પાસે વેગનઆર કાર ચાલકે અચાનક જ બ્રેક મારતા યુવતીએ યુવકના હાથમાંથી છરી પડી ગઈ હતી અને છરી નીચે પડી જતા યુવતીએ દરવાજો ખોલી બહાર નીકળી ગઈ હતી તો બીજી તરફ ગભરાયેલ યુવતી તેના ઘરે પહોંચી હતી અને મગંળવારે સવારે હિંમતનગર ટાઉન પોલીસમથકે બે ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના પટાંગણમાં ખેડૂત તાલીમ શિબિરર યોજાઈ

ભિલોડા, તા.૨૧

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સયુક્ત ઉપક્રમે પ્રજાસત્તાક દિન પર્વની ગુજરાત રાજ્ય કક્ષાની ઉજવણી હિંમતનગરમાં યોજાનાર કાર્યક્રમ અંતર્ગત ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના પટ્ટાંગણમાં ખેડુત તાલીમ શીબીર યોજાઈ. ખેડુતોને વધુવળતર આપતા પાકોવિશે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

આ પ્રસંગે ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા, ભિલોડા સહકારી જીન વા.ચેરમેન ગલબાભાઈ પ્રજાપતી, કિસાન સંઘના હોદ્દેદારો શાંમળભાઈ પટેલ, જીવાભાઈ લટા, ગ્રામ સેવક નરસિંહભાઈ પટેલ સહિત અગ્રણી ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ખેતીવાડી અધિકારી વાસુદેવ બથારે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ખેડુત તાલીમ શીબીર માત્ર અને માત્ર ખેડુતોને ભેગા કરવા માટેનું માધ્યમ નથી.

ખેડુત તાલીમ શીબીરમાં ખેડુતોને ખેતી વિષયક જે માર્ગદર્શન આપવામાં આવે તે પ્રમાણે અધ્યતન ખેતીની પધ્ધતી અપનાવવામાં આવે તો ખેડુતોની આર્થિક તાકાત અને જીવન ધોરણ ચોક્કસ ઉંચુ આવશે તેમજ હવે ખેડુતોને ટપક સિંચાઈ પધ્ધતી ધ્વારા ખેતી કરવામાં આવે તો સારૂ પરીણામ મળી શકે તેમ છે. ખેડુતોએ ઓછા પાણીએ વધુ ઉપજ આપતા પાકોના વાવેતર તરફ અવશ્યપણે ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ તેમ જણાવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન